ॐ तत्सत्।

श्रीकृष्ण जन्ममहोत्सव

तथा

श्रीमद्भगवत्

गीता पाठशाला माहात्म्य.

શ્રીકૃષ્ણ પરમાત્માના ભકત

તરફથી

जन्माष्टमी पुण्यातिथि निमित्त

આપવામાં આવેલી લાગ્રી.

યોજક

ભટ વલ્લભદાસ કલ્યાણજી

મુલજી જેઠા મારકીટ ચોક,

મુંબઈ.

મૂલ્ય અમૂલ્ય.

नित्य पुजा पाठपोथी.



यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥ ७ ॥ अ. ४ ॥

ॐ શ્રી ગુરવે નમઃ

મંગલ: ।

અનુષ્ટુપ છંદ:

વાગ્દેવી[1] વિશ્વધાત્રિને[2] વ્યાસ વિઘ્નવિનાશિને[3]
વીર[4] વિપદ[5] વિધ્વંસિ, વંદના[6] વિધિવંદ્યને ૧

શાર્દુલવિક્રીડિત છંદ:

જો તૃપ્તિ[7] સરિતા પ્રદીપ્તિ સવિતા, શાન્તિ શશિથી મળે;
લક્ષ્મિથી પ્રભુતા, સુધા અમરતા, પાંડિત્ય વિદ્યાબળે;
જે જે ગુણ રહયા બધા ગુણિ વિષે, એકત્ર સ્થાને ભળે,
વંદુ તે **ગુરૂ** સિદ્ધિદાયિ સુખદા પાયે ત્રિતાપો ટળે. ૨

વિધિવંદ્યને– બ્રહ્માઆદિ દેવો જેને વંદન કરે છે તે શ્રીકૃષ્ણ પરમાત્મા અથવા **શ્રીશંકર** બીજો અર્થ. વંદન કરવા યોગ્ય એવા **બ્રહ્મા**—પ્રજાપતિને પણ પ્રણામ.

૧ **સરસ્વતિ.** ૨ જગતનું રક્ષણ કરનારી ૩ **ગણપતિ** ૪ **અર્જુન** અથવા **બાણાસુર** ૫. શોકનો નાશ કરનારા. ૬ **શ્રીકૃષ્ણ** અથવા **શ્રીશંકર.**

૭ તૃપ્તિ અથવા આત્મસ્વરૂપ દર્શને કૃતકૃત્યતા.

સરિતા–નિર્મળ જળ વાલી નદી અથવા આંહી સરિતાના જળ જેવી નિર્મળ શુદ્ધ બુદ્ધિ–**પ્રદીપ્તિ**–પ્રકાશ અથવા જ્ઞાન પ્રકાશ **સવિતા**–સૂર્ય અથવા આત્મા (તેનો શાક્ષાતકાર થયે) **શાન્તિ**–શાન્તિ અથવા આત્મ અનાત્મ વસ્તુના વિવેકથી આવેલી શાન્તિ. **શશિ.**—ચંદ્ર અથવા **શ્રીશંકર** મસ્તકે જેમ ચંદ્ર રહે છે તેમ સર્વ શાસ્ત્ર મસ્તકે યોગ શાસ્ત્ર જાણવું. **લક્ષ્મિ**–લક્ષ્મિ અથવા પ્રકૃતિ (તેનુ ખરૂ સ્વરૂપ જાણેથી) **પ્રભુતા**–રાજ્યપદ અથવા વિકારોથી અબાધિત્ એવી સ્થિર બુદ્ધિમાં આવેલુ સાર્વભૌમપણું.–**સુધા**–અમૃત–વેદાંત શિક્ષાનુશાસનથી અમરપણું–જન્મમરણ ચક્રમાંથી છુટી આત્મ સ્વરૂપ પ્રાપ્ત થાય છે **પાંડિત્ય**–શાસ્ત્ર જ્ઞાન અથવા ખરી વિદ્વતા–**વિદ્યા**–લોક વિદ્યા અથવા વેદાંત શાસ્ત્ર. ઉપરોકત સર્વ સિદ્ધિઓ એકજ સ્થળે ત્રણ તાપોને નિવારનાર **શ્રીગુરૂપાદ સેવનથી** મળે છે તો એકેક ગુણ.

સત્કાવ્ય પ્રશંસા.

દોહરો

છે સત્કાવ્ય ગુલાબ ગુલ, લલિત ગંધ મીઠાશ
રૂપ રંગ રચના રસિક, અલંકાર આભાસ;
ગુહ્ય અર્થ કંટક ગણો, ભૂષણ વિધિનિર્માણ,
રસજ્ઞ ને કે અજ્ઞને, તુલ્ય પ્રેમ પ્રમાણ. ૧

દોહરા.

લઘુલેખ નભપુષ્પસમ, રહીત રંગ રસ ગંધ
નામમાત્ર સજ્જન ગૃહો, એ મુજ આદ્ય પ્રબંધ.

ॐ શ્રીકૃષ્ણ જન્મ મહોત્સવ.

હરિગીત છંદ

છે ધન્ય વિશ્વે **ભરતભૂમિ,** ધન્ય **ગોકુલ** ગામને,
જ્યાં પ્રગટ થાય **પ્રભુ** અહો!, અક્ષય તજી નિજ ધામને;
છે ધન્ય ધડિ પળ સુખદ દિન, શુભ માસ **શ્રાવણ** પુણ્યદા,
નોબત નિશાનો વાગતાં, **શ્રીકૃષ્ણ** જન્મ થયો તદા. ૧

---

૧ ધરાવનાર તે ગુણિ પદાર્થોના સેવનથી શું !

સત્કવિઓએ રચેલું કાવ્ય તેને ગુલાબના ફુલની ઉપમા છે. તેમાં **લલિત ગંધ** અનુપમ મીઠાશ છે રૂપ એતેની સુંદર રચના છે. કાવ્યના રસિકોને પ્રિય લાગે તેવી. **રંગ** રતાશાદિ તે ગુલાબ ફુલના અલંકાર છે. તેમ કાવ્યમાં અલંકારાદિ એજ અલંકાર છે ગુલાબના ફુલમાં જેમ કાટા છે અને ગમાર માણસને ચુંટતા ન આવડે તો હસ્તમાં લાગવા સંભવ છે તેમ સુંદર કાવ્યનો મર્માર્થ એ કંટક છે તે માત્ર કાવ્ય રહસ્ય જાણનારજ તેનો રસલઈ શકે–ગુલાબના ફુલમાં કાંટા એ વિધિએ વિચાર કરી રચેલા છે તે તેનુ ભૂષણ છે. તેમજ **કાવ્યવિધિ** અર્થાત્ સતકવિએ રચેલા કાવ્યમાં ગૂઢાર્થ એ તેનું ભૂષણ છે. જેમ ગુલાબનું ફુલ ગમારને કે શોખિનને હાથમાં લેતાં સમાન રીતે પ્રિય છે તેમજ સત્કવિનું કાવ્ય રસિકને કે અરસિકને સમાન રીતે પ્રિય લાગે છે. તફાવત એટલોજકે રસિક પુરૂષ કંટકનો ગૂહ્યાર્થનો મહિમા જાણે છે–

આ લખાણને આકાશના ફુલની ઉપમા આપી છે. પ્રથમ તો આકાશનું ફુલ થતુંજ નથી તો પછી રૂપ-રસ-રંગ-ગંધની સંભાવના ક્યાંથી ! તેથી ઉપરોક્ત ગુણ રહિત આ લખાણ નામ માત્ર છે. જેમ રૂપ-રસ-રંગ-ગંધ વિનાનું ફુલ હોય તો પણ સજ્જન તેનો અનાદર કરતો નથી તેમ—આનો અનાદર નહી થાય એજ મારી પહેલી પ્રસ્તાવના છે.

૧ કથા હરિની કથવી છે તો તેને પ્રિય એવો છંદ જોઇએ

જ્યાં **મંદમંદ** સુમેઘ વર્ષે, સામર શીતલ વાય છે,
આકાશમાંથી વિવિધ વૃષ્ટિ પુષ્પ કેરી થાય છે,
સુરદુંદભિ આ ગડગડે, બંદીજનો ગુણ ગાય છે
જય કૃષ્ણ જય જય કૃષ્ણ એવા ઘોષ ત્યાં સભળાય છે. ૨
આ **દિવ્યદર્શન** કારણે સૌ **દેવ** તે સ્થળ આવતા,
જે દ્રવિતહૃદયે સ્તવિત **પુરણબ્રહ્મ** એજ પ્રમાણતા,
ઋતુકાળ વિણ ફળ તરણુ તરૂવર પત્રથી પુષ્પિત લતા,
યોગીજનો[1] સાધિત સમાધિ ત્યાગિને જાગ્રત થતા; ૩
તજી[2] વત્સ ધેનૂ ધાવતી કરી પુચ્છ ઉચાં આવતી,
થઇ દિશા નિર્મલ ધવલ સુંદર શાંત સાગરની ગતિ;
તે કાળ શ્યામા શ્યામને તજી ધામને નિજ કામને;
ગાતી સુમંગલ નિરખવા ઝટજાતી **સુંદરશ્યામને** ૪
મંદિર વિષે ગંભીર ઘંટા નાદ **ઘનનન** ગાજતા,
જ્યાં દિવ્ય દેવ પ્રસાદ મળવા પુણ્ય કીર્તન તો થતાં;
યમુના છલકતિ **પ્રેમથી પ્રભુપાદ** પક્ષાલન જતી,
સંદેશ કથને મધુર કલરવ પક્ષિની નભમાં ગતિ, ૫
આ **નંદનો** આનંદ નહિ આનંદ આખા વિશ્વમાં
શુભ દાન હયરથ હાથિના શોભા ધરોધર ઘાટમાં,
પ્રસ્વેદ ભીના વેદવિત્વીદ્વાન્ **વેદ** અલાપતા,
સંગીત વીણા વાદ્ય મંજુલ ગાન ઘરઘરમાં થતા ૬

---

૧ યોગીજન **શ્રીશંકર** આદિ ૨ ગાયો દુધ ઝરવા લાગી અને ઉચાં પુચ્છ કરી ધાવતાં વત્સોને છોડી ધાવતી–ચારે દિશામાં દોડે છે. તે વખતે શ્યામા–સુંદરિઓ–ગોપબાળાઓ શ્યામ પોતાના પતિ સેવા તજી ધામ–ઘરની પરવા ન રાખી કામને–બધાં ગૃહકાર્ય તજી દઈ સુંદર **શ્યામસ્વરૂપ હરિને** નિરખવાને સુમંગલ ગીતો ગાતી ઝટ જાય છે. જ્યાં સારાં પુણ્ય કીર્તન **દેવના** થાય છે ત્યાં **દેવનો** પ્રસાદ છે એમ સમજવુ. **યમુનાના** નીર છલકાઈને બ્હાર પડે છે જાણે કે **પ્રભુજન્મ** સાંભળી પ્રેમના ઉછાળાથી તેમના **પાદપ્રક્ષાલન** કરવા જતી હોય તેમ-**પ્રભુના** પ્રગટ થતાં પક્ષિઓ માળામાંથી જાગ્રત થઈ મધુર સ્વર બોલવા લાગ્યા અને જાણે જન્મ સંદેશ—ત્રૈલોક્યને વધામણી આપવા જતા હોય તેમ આકાશમાં ઉડવા લાગ્યા. **વેદ** ઉચ્ચારના અંતમાં પરસેવાથી ભીંજાયલા બ્રહ્મદેવો મોટા ઘોષથી વેદ પઠન કરે છે.



सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥ २१ ॥ अ. १ ॥

શ્રીવત્સલાંછન કમલલોચન ભવવિમોચન માધવ
જ્યાં **વેદવાણી** વિકલ થઈ ત્યાં શું અમો સ્તવિએ સ્તવ;
દુસ્તાર માયા મહત્ ખણવો કૂપ આ સળગ્યો દવ
શ્રીકૃષ્ણ જયજય આપ આપો ચરણનું શરણ તવ. ૭

શ્રીકૃષ્ણસ્તવન પાઠ.

હરિગીત.

છે ધન્ય **અર્જુન** ને **સખા** રથ અશ્વધાર સુસારથી,
જેની કથા ભવતારીણિ **શ્રીવ્યાસ**વાણીએ કથી;
છે ધન્ય માતા **દેવકી વસુદેવ** ગોપી જન તમો,
શ્રીકૃષ્ણ કુંજવિહાર **નર** અવતારધર **હરિને** નમો ૧
છે ધન્ય સાચો યશ **યશોદા નંદ**ના આનંદને,
આ ધન્ય **મુરલી** ધન્ય **યમુના** ધન્ય **ધેનૂવૃંદને**;
આ **શંખ ચક્ર** કરે **ગદાધર પદ્મપીતાંબર** ગમો,
શ્રીકૃષ્ણ કુંજવિહાર **નર** અવતારધર **હરિને** નમો. ૨
દુસ્તાર **ગિરિવરધાર** અવર અપાર માયા વીસ્તરી,
જ્યાં **બ્રહ્મ નારદ ઈંદ્ર** અદ્ભુત પાર પામે ના જરી;
છે ધન્ય **યાદવ** વંશ નરપતિ **કંસ** કલહજ કારમો,
શ્રીકૃષ્ણ કુંજવિહાર **નર** અવતારધર **હરિને** નમો. ૩
છે ધન્ય તે **કુરૂક્ષેત્ર સંજયનેત્ર કૌરવ** કલેશને,
જે કારણે ભૂ ઉપર **વિશ્વંભર** ધરે નર વેષને;
તે ધન્ય **ગીતાકાર** જગઆધાર ઘટઘટમાં રમો,
શ્રીકૃષ્ણ કુંજવિહાર **નર** અવતારધર **હરિને** નમો. ૪
સંકટ કટોકટ સમય રક્ષક દ્રુપદતનયાના થયા,
છે ધર્મધારણ ધીર **અવનિભાર** હર અવતાર આ;
કરી નૃત્ય **થઈથઈકાર ફણપર** નાગ **કાલીને** દમો,



कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥ अ. २ ॥

શ્રીકૃષ્ણ કુંજવિહાર **નર** અવતારધર **હરિને** નમો. ૫
લીલા નવી આશ્ચર્યવત નિત **ભાગવતમાં** જે કહી,
નથી અંતઆદિ અનંત કથવા કલમમાં બલ છે નહી;
ધન્ય **રાધારમણ નટવર** ચરણરજકાંક્ષી અમો,
શ્રીકૃષ્ણ કુંજવિહાર **નર** અવતારધર **હરિને** નમો. ૬

અર્થ સહેલો છે—**શ્રીકૃષ્ણ પરમાત્મા** તથા **શાસ્ત્રીજી નરહરીનો** જે સબંધ છે તે સ્પષ્ટ છે.

श्रीमद्भगत्.

गीता पाठशाळा महात्म्य.

મનહર છંદ:

ગીતાપાઠશાળાતણું માહાત્મ્ય કથન કરું,
વાત એવી સાંભળી વિવેકી, જનો હસે છે;
(શંકા) **ગીતાનું** માહાત્મ્ય ખરૂં શાળાતણું શ્રુતે[1] નથી,
શાળા સ્તુતિ કથને કલમ કોણ ધસે છે;
(સમાધાન) ગીતા છે તો **જ્ઞાન પાઠશાળાથી ગીતાનું** માન,
ગીતાપાઠશાળા વિષે **ગીતાજ્ઞાન** વસે છે;
પાઠશાળા નથી પછી **ગીતા** નથી **જ્ઞાન** નથી,
મિથ્યાજ્ઞાન આપણું સદાય સાથે ધસે[2] છે. ૧

—:૦:—

ગીતા અર્થ ઠસે નહી મોહ કંઈ જશે નહી,
ભાગ્ય વિષે વિધિચક્ર[3] દુ:ખ અહો! દીસે છે,
ધન્ય વાદ ખરો **પાઠશાળાના પ્રચારકને**
ગીતે[4] ધન્ય **પ્રભુ** ધન્ય એમાં શું વિશેષે છે,

---

૧ સાંભળેલું. ૨ **ધસે છે:—અજ્ઞાન**ને કાઢી મુકવા પ્રયત્ન કરીએ છીએ પણ તે સામું. જોસકરી આપણા તરફ ધસે છે. ૩ **વિધિચક્રદુ:ખ:**—વિધિ નિર્મિત જન્મમરણાદિ દુખો ૪ **સ્વમુખથી** નીકળેલી **ગીતા** એ **પ્રભુનીવાણીજ** છે ને બોલનારા **પ્રભુ** પોતેજ છે તેને તમો ક્ષુદ્ર પ્રાણી શું ધન્યવાદ આપી શકશો!

લોકના ઉદ્ધાર માટે **પાર્થને** પ્રબોધી **પ્રભુ**,
રણાંગણે¹ રાસ ઝાલી કમ્મરને કસે છે;
વલ્લભ વિચારી કહે વિફલ² વિવાદ તજો,
ગીતા³ પાઠશાળા પ્રભુ ધન્ય મને ઠસે છે. ૨

—:૦:—

વિવેકીને⁴ વાત એક પ્રવાસી વિમાસી કહે,
(શંકા) **મોહમયિ** રમ્ય ખરે! ધામ બહુ નામી છે;
જેમ જેમ જોઉં તેમ જીવને આલ્હાદ થાય.
(સમાધાન) લોકવિષે પુરેપુરી પ્રખ્યાતિને પામી છે,

મીષ્ટ જળ દેતી વ્હેતી સરિતાની ખામી એક,
સોહામણી નગરીની શોભા નષ્ટ પામી છે;
ગીતાજ્ઞાન સરિતા વહે છે **ગીતાપાઠશાળે**,
સરિતા બીજી બધી તો સાગરે વિરામી છે.

---

૧ **યુદ્ધ ભુમિમાં ૨ વિફલ વિવાદ:**—મિથ્યા તકરાર ૩ મારા મનમાં તો એમજ નક્કી ઠસે છે કે **ગીતા** પણ ધન્ય, **પાઠશાલા** પણ ધન્ય, **ગીતાકારપ્રભુ** પણ ધન્ય અને **પાઠશાળાપ્રભુ**—પાઠશાળાના પ્રચારક પણ ધન્ય છે. એમાં સંદેહ નથી આહીંથી ગૂઢાર્થ શરૂ થાય છે. ૪ **વિવેકી:**—સમજુ અથવા આત્મ અનાત્મ વસ્તુના વિવેકને જાણનાર. **પ્રવાસી:**—મુસાફર અથવા આ જગતમાં પ્રવાસી રૂપે આવેલો જીવ **મોહમયિ:**—મુંબઈ અથવા ઉત્તરોત્તર મોહ પમાડનાર આ સૃષ્ટિ **રમ્ય:**—સુંદર અથવા આસક્તિ લાગ્યા પછી તરત છુટે નહીં એવું. **ધામ:**—સ્થાનક અથવા ફરી ફરી પ્રાણી ઘટચક્રમાં ફરે છે તે **નામી:**—નામાંકિત અથવા મૃત્યુ લોક બીજા લોક કરતાં શ્રેષ્ઠ છે. **મુંબઈ**ને પણ જે જેમ જોયે તેમ તેમ પ્રસન્ન થવાય અથવા આ સૃષ્ટિની મોહિનિ લાગી તેમાંથી છુટી શકાય નહી. **દેવો** પણ આ મૃત્યુલોકને ઈચ્છે છે. પણ **મુંબઈ**માં મીષ્ઠજળ આપનારી એક નદિની ખામી છે. **મીષ્ઠજળ:**—અમૃત જેવું જલ અથવા અમર કરનાર. **સરિતા:**—નદિ અથવા જ્ઞાન પ્રવાહ રૂપી જ્યાં ઉપદેશ થાય છે એવું સ્થાનક. આ **મુંબઈ**ની શોભા ઓછી થઈ છે અથવા આ **સૃષ્ટિ**ના વૈભવની શોભા ન કામી છે. આ **મુંબઈ**માં નદિતો નથી પણ સર્વે નદિઓના નિવાસરૂપ એક રત્નાકર ગર્જે છે.

*મોહમય્યિ વિષે મિત્ર ! જોયું શું ! મનન કર્યું !
નવ ચીજો આંહી ખરેખાત જોવા જેવી છે,
અત્ર આવી જોયું નહીં ખોયું તો અન્યત્ર કયુ,
નવમાસ ગેહેવાસ, લીધી મજા, લેવી છે;
શક્તિ અર્થ તણે વ્યય વ્યર્થ છે વિવેકી વદે,
એક જોયે બધું જોયું એવી વાત કહેવી છે;
મોહમય્યિ ચિત્રપટ **ગીતાપાઠશાળે** જુઓ,
નવવસ્તુ એક સ્થાન તો દેખાડી દેવી છે. ૪

---

* **મોહમય્યિવિષે**—મુંબઈમાં અથવા સૃષ્ટિમાં. **મિત્ર**—દોસ્ત અથવા આત્મ મનને જણાવે છે કે તું મારો મિત્ર છે. **જોયું**—શું જોવા જેવુંજોયું અથવા કયા સત્ શાસ્ત્રોનો વિચાર કર્યો. **મનન**—મનમાં શું ઠસાવ્યું કારણ કેમુંબઈમાં શું જોયું તે દેશમાં બીજાને કહેવું પડશે અથવા શાસ્ત્રોનો વિચાર કરી દૃઢ નિશ્ચય કર્યો. **નવચીજો**—નવસ્થાનક—અથવા નવદ્વાર વાળો આ દેહ. તેના દરેકે દરેક નવદ્વાર છુટાં તપાસવા જોઈએ. **અહીં** આવી જોયું નહી તેથી બીજી હાનિ કઈ (પૈસા ખરચી આવ્યો વગેરે) અથવા આ નરદેહ ધરી સત્ અસતનો વિચાર ન કર્યો. તો દેહ ધારણ કયાં વ્યર્થ છે. **નવમાસ ગેહેવાસ**—મિત્ર પ્રથમ નવમાસ પોતાને ઘેર-દેશમાં રહી મુંબઇ જોવા આવ્યો હતો અથવા જીવ માના ગર્ભમાં નવમાસ કેદ પડયો હતો તેમાં મજા કવી પડી એમ ટકોર કરે છે. **વિવેકી**—આગળ કહ્યું છે. **શકિત**—બલ અથવા પુરૂષાર્થ **અર્થ**—ધન અથવા ચાર પુરૂષાર્થ **વ્યયવ્યર્થ**—ફોકટ વાપરી નાંખે છે અર્થાત્ મિત્ર કહે છે કે આ જોવું આ જોવું છે ઈ૦ નકામા ધકેલા ખાઇ પૈસાનુ પાણી કરે છે અથવા ઇશ્વરે આપેલી શક્તિનો ઉપયોગ ચાર અર્થ મેળવવાને બદલે સૃષ્ટિના વિષયોમાં લુબ્ધ થઇ ફોકટ વ્યય કરે છે **એકે જોયું**—જેજે ચીજો જોવા જેવી છે તેના ચિત્રો એક ઠેકાણે બતાવી આપીએ તો તારે તારા મનનું સમાધાન કરવું જોઇએ—તે **ચિત્રપટ—ગીતા પાઠશાળામાં** છે અર્થાત્ દેહ-સૃષ્ટિ આદિના ચિત્રો **પાઠશાળામાં** દેખાડવામાં આવે છે. નવ ચીજો એકજ ઠેકાણે દેખાડવામાં આવે છે.

મોહમયિ નગરીમાં નવચોજન જોયા પછી,
મોહમયિ જેવા તેનો ખરો ખ્યાલ આવે છે:
ન્યાયાસન, બંદીખાનું, કોટ, બહારકોટ. જુઓ,
ધોબીઘાટ, પાયધોણી, આતમા બતાવે છે;
રાણી તણો **બાગ** અને **રાજા** તણો **ટાવર** છે,
સોનાપુર અંતમાં અસાધુને સતાવે છે;
યુનિવરસિટિ તમે જુઓ કે ન જુઓ પણ,
ગીતાપાઠશાળા સર્વ વિદ્યાને સમાવે છે.
તીર્થ જલે નાહ્યો **ગીતાજ્ઞાન** જલે નાહ્યો નહીં,
નાહ્યો તે ન નાહ્યો, તને કોણ કહે ડાહ્યો છે,
ગોની સેવા કરે ન **ગોપાલનું** તો ધ્યાન ધરે
ગોપાલક[1] કેમ બને મિથ્યા તું મુઝાયો છે,
ભગવાનદાસ ભગવાન નહીં યાદ આવે,
દાસ કહે કોણ પુરા પાશમાં બંધાયો છે,
સંશય નિવૃત્તિકર **નરહરિ** પાસે જાવ,
ગીતાપાઠશાળા યશ ગામમાં ગવાયો છે

સમાપ્ત.

श्रीकृष्णार्पणमस्तु । शुभंभवतु । श्रीरस्तु ॥

મોહમયિ–મુંબઈ અથવા સૃષ્ટિ. **ન્યાયાસન** હાઈ કોર્ટ અથવા ઈશ્વરનું ન્યાયાસન. પુણ્ય પાપનો જ્યાં ઈનસાફ થાય છે તે. **બંદીખાનું**–કામનું જેલ અથવા આ દેહ રૂપી બંદીખાનું **કોટ** કોટ અથવા ધર્મ રૂપી કોટ. **બહાર કોટ**–બહારકોટ અથવા અધર્મ રૂપી બહાર [illegible] **ધોબીઘાટ**-લુગડાં ધોવાનું સ્થાનક અથવા મલિન વૃત્તિઓ રૂપી વસ્ત્ર ધોવાનું સ્થાનક. **પાયધોણી** પગ ધોવા તે અર્થાત ગુરૂપાદ સેવન. **રાણીબાગ** રાણીબાગ અથવા શુદ્ધ થએલી બુદ્ધિ રૂપી બગીચો. **રાજાટાવર** રાજાબાઈટાવર અથવા રાજા-ઈશ્વરનું ધામ-**મોક્ષ. સોનાપુર** સ્મશાન ભૂમિ અથવા મરણ વખતની યાતના **અસાધુ** અધર્મિ. **સતાવે છે** દુઃખ આપે છે. **યુનિવરસિટિ** વિદ્યામંદિર અથવા આ **પાઠશાલા** એજ ખરી વિદ્યાનું મંદિર છે **ગીતાપાઠશાલામાં** એ બધી વાતોનો વિચાર ચાલે છે.

૧ **ગોપાલકઃ**–ગૌનો પાલક અથવા ગો-ઇંદ્રિયો તેનો પાલક **આત્મા** અર્થાત આત્મસ્વરૂપને કેમ પ્રાપ્ત કરી શકે **પાશઃ**–જાળ જંજાળ

Printed by G V. Ratnaparkhi at the Lakshmi Art Printing Works,
97B Sankli Street, & Published by V K Bhatt at Mulji Jetha Market, Bombay.